ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૦૬/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૭/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2021/3635-37.

આમુખ:-

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૭/૦૭/૨૦૨૧ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં આ સાથેના પત્રકના કોલમ-૩ની હાલની જોગવાઈને બદલે કોલમ-૪ મુજબ સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૧/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
આવક નં. 5378
તા. 24/6/22

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

ક્રમાંક/માધ્ય/ખ-૧/જુ.કા/ભરતી-બઢતી/૨૦૨૨/૫૦૭૮ થી ૫૩૩૫

ઈ-મેઈલ દ્વારા

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કરણસિંહજી હાઈસ્કુલ બિલ્ડીંગ,
સીટી ગેસ્ટ હાઉસ સામે, ભુપેન્દ્ર રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૧.
તા. ૦૯/૦૭/૨૦૨૨.

૨/- ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરના પત્રક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૨/૮૯૦૪-૩૮, તા.૨૨/૦૬/૨૦૨૨ થી મળેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક : ૨૦(૯) માં સુધારો કરવા બાબતનો શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૧૦/૧૩૬૨/છ, તા.૧૦/૦૬/૨૦૨૨ આ સાથે સામેલ રાખી, જાણ તથા અમલવારી કરવા સારૂ મોકલી આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,
(૧) આચાર્યશ્રી, તમામ બિન સરકારી અનુદાનિત માધ્યમિક/ઉ.મા. શાળાઓ, જિ. રાજકોટ.
(૨) તમામ બીટ શિક્ષણ નિરીક્ષકશ્રી તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, આ કચેરી.

પત્રક

શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ સાથેનું પત્રક

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| ૫ | | કોઇ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય,<br>(ખ) એચ.એસ.સી(ધો.૧૨) પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય કારકુનની સ્ટાફના સભ્ય તરીકે નીમી શકાશે નહીં<br>(ગ) DOEACC સોસાયટીની CCC લેવલની અથવા રાજ્ય સરકાર નક્કી કરેલ તેવા લેવલની કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.<br>(ઘ) બિન સરકારી માધ્યમિક શાળામાં કામ કરતા અને એસ.એસ.સી (ધો.૧૦)ની લાયકાત ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનિયર કારકુનની ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનિયર કારકુનની જગા સીધી ભરતીથી નહીં ભરતા જે શાળામાં વર્ગ-૪ (પટાવાળા)ના કોઇ કર્મચારી બિન સરકારી માધ્યમિક શાળામાં કારકુન થવાની ઉપર દર્શાવેલ (ગ)ની લાયકાત ધરાવતા હોય અને પટાવાળા તરીકે ઓછામાં ઓછી ચાર વર્ષની સળંગ નોકરી હોય તેવા પટાવાળાઓને જુનિયર કારકુન તરીકે બઢતી આપીને જગ્યા ભરવી." | (૧) સીધી ભરતીથી જુનિયર કલાર્ક ભરવા અંગેની જોગવાઇ,<br>- કોઇ વ્યક્તિને -<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરીહોય.<br>(ખ) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઇ યુનિવર્સિટીની કોઇ વિદ્યાશાખામાં સ્નાતકની પદવી અથવા તેને સમકક્ષ લાયકાત ધરાવતી હોય તે સિવાય જુનિયર કારકુન તરીકે નીમી શકાશે નહી,<br>(ગ) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર -સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું સરકાર માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે.<br>(ઘ) સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે તે મુજબની પરીક્ષા નીચેની વિગતે આપવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | | ધારાધોરણો મુજબ ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે.<br>(ચ) શાળામાં આ પ્રકારની લાયકાત ધરાવતા કર્મચારીઓ (પટાવાળા) ઉપલબ્ધ ન હોય તો જુનિયર કારકુનની જગ્યા સીધી ભરતીથી ભરવાની રહેશે. |

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/६९०४-३८
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.22/06/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

ઉક્ત ઠરાવની નકલ આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારું મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.